સુરત મહાનગરપાલિકા
# કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય
અઠવાલાઈન્સ, સુરત.
ફોન નં. (૦૨૬૧) ૨૬૬૫૮૭૩, ફેક્સ નં. (૦૨૬૧) ૨૬૬૮૪૨૬
URL:www.suratmunicipal.gov.in, e-mail: nclsmc@gmail.com

---

એપેલેટ ઓફિસર અને ગ્રંથપાલ,
કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય,
અઠવાલાઈન્સ, સુરત.

પ્રથમ અપીલ અરજી
નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/૦૧
તા.૨૧/૦૬/૨૦૧૬

અરજદાર : શ્રી વિનોદભાઈ પટેલ

સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને સીની.કલાર્કશ્રી એમ. બી. પટેલ, ક.ન.મ.પુસ્તકાલય, સુ.મ.પા.

## ફરીયાદની હકીકત :

વિષય : રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ, ૨૦૦૫ હેઠળની અરજદારશ્રી વિનોદભાઈ પટેલ, સુરતની તા.૧૦/૦૨/૨૦૧૬ની અરજી આઈ.ડી.નં.૬૧૨(મધ્યસ્થ કચેરી)થી અ.નં.(૧) અને (૨) અંગેની વિગતવાર માહિતી મેળવવા બાબત.

સંદર્ભ : અરજદારની પ્રથમ અપીલ અરજી નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/૦૧, તા.૨૧/૦૬/૨૦૧૬.

ઉપરોકત વિષયે આર.ટી.આઈ. એકટ હેઠળ અરજી કરનાર અરજદારશ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલના એ રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ, ૨૦૦૫ હેઠળની તા.૧૦/૦૨/૨૦૧૬ની અરજી **<u>આઈ.ડી.નં.૬૧૨ (મધ્યસ્થ કચેરી)</u>** થી વિગતવાર માહિતી મેળવવા જાહેર માહિતી અધિકારી અને સીની.કલાર્કશ્રી એમ. બી. પટેલ, ક.ન.મ.પુસ્તકાલય, સુરતની કચેરીમાં કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને સીની.કલાર્કશ્રી એમ. બી. પટેલ, ક.ન.મ.પુસ્તકાલય તરફથી અરજદારને આપવા જોગ અ.નં.(૨) મુજબ મ્યુનિ. લાયબ્રેરી વિભાગમાં ફરજ બજાવતા અધિકારી તથા કર્મચારીઓના નામ અને સરનામાની માહિતી આપવામાં આવેલ છે. વિગતવાર માહિતી સુ.મ.પા.ની વેબસાઈટ ઉપરથી મેળવી લેવા જણાવવામાં આવેલ. તેઓનાં પત્ર ક્રમાક નં.ન.મ.પુ./આર.ટી.આઈ./જા./૧૫, તા.૦૨/૦૩/૨૦૧૬થી જવાબી પત્ર પાઠવવામાં આવેલ.

જે સંદર્ભે નિર્દિષ્ટ સમયમાં મળેલ પ્રતિભાવમાં જવાબથી અસંતોષ હોવાનું જણાવી **<u>પ્રથમ અપીલ અરજી</u>** મધ્યસ્થ કચેરીમાં આપેલ. જે અરજી મધ્યસ્થ કચેરી, સુ.મ.પા.એ તેઓના ઈનવર્ડ નં.ડી/૨૪૫૪, તા.૦૭/૦૬/૨૦૧૬થી નોંધેલ અને તેઓના પત્ર નં.સી/એફએપી/૪૪, તા.૧૪/૦૬/૨૦૧૬થી સુરત મહાનગરપાલિકાના જુદા જુદા ઝોન/ખાતાના અપીલ અધિકારી સહિત અત્રેના મ્યુનિ. લાયબ્રેરી વિભાગને તબદીલ કરેલ. જે અપીલ અરજી નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/૦૧, તા.૨૧/૦૬/૨૦૧૬ થી અત્રે નોંધાયેલ હતી.

અરજદારની ઉકત અપીલ બાબતે અરજદારશ્રી વિનોદભાઈ પટેલ તથા જાહેર માહિતી અધિકારી અને સીની.કલાર્કશ્રી એમ. બી. પટેલને એપેલેટ ઓફિસર અને ગ્રંથપાલ, ક.ન.મ.પુસ્તકાલય, સુરતની કચેરીમાં તા.૧૪/૦૭/૨૦૧૬નાં રોજ બપોરે ૧૨.૦૦ કલાકે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અત્રેનાં પત્ર નં.ન.મ.પુ./આર.ટી.આઈ./જા./૦૧, તા.૦૭/૦૭/૨૦૧૬ થી જણાવવામાં આવેલ. જેનાં અનુસંધાને ઉકત તારીખે અને સમયે અપીલ અંગેની રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રી વિનોદભાઈ પટેલ હાજર રહેલ નહી. જયારે જાહેર માહિતી અધિકારી અને સીની.કલાર્કશ્રી એમ. બી. પટેલ, ક.ન.મ.પુસ્તકાલય, સુરત હાજર રહેલ.

ઉકત સુનાવણી દરમ્યાન શ્રી એમ. બી. પટેલ, સીની.કલાર્ક અને જાહેર માહિતી અધિકારી ધ્વારા તા.૦૨/૦૩/૨૦૧૬ના પત્ર નં.ન.મ.પુ./આર.ટી.આઈ./જા./૧૫થી અ.નં.(૨) મુજબ કર્મચારીઓની ટૂંકી માહિતી આપી, વિગતે માહિતી સુ.મ.પા.ની વેબસાઈટ ઉપરથી મેળવી લેવા જણાવેલ.

આમ, અરજદારશ્રીની અપીલ અંગેની રજુઆત બાબતે શ્રી એમ. બી. પટેલ, સીની.કલાર્ક અને જાહેર માહિતી અધિકારી તરફથી મોકલેલ પ્રત્યુત્તર સહ તેઓનો પક્ષ રજુ કરવામાં આવેલ. જયારે અરજદાર અપીલ અરજીની સુનાવણીમાં હાજર રહયા ન હતા.

## હુકમ

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં, પ્રથમ અપીલ અરજી નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/૦૧, તા.૨૧/૦૬/૨૦૧૬ બાબતે નીચે મુજબનો હુકમ કરી, અપીલનો નિકાલ કરવામાં આવે છે.

'અરજદારશ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતીઓ પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારશ્રીને જવાબી પત્ર પાઠવવામાં આવેલ હોય, જે ધ્યાને લેતા અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે તેવો હુકમ કરવામાં આવે છે.'

પ્રથમ અપીલનાં હુકમ કે તેની અમલવારી બાબતે આપ નારાજ કે અસંતુષ્ટ હોય તો આર. ટી. આઈ. એકટનાં કાયદાની કલમ ૧૯ (૩) હેઠળ ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન", બ્લોક નં. ૧, બીજોમાળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦–એ, ગાંધીનગરને પ્રથમ અપીલનાં હુકમથી દિન –૯૦ માં નામદાર આયોગશ્રીને બીજી અપીલ કરવા અંગેની જોગવાઈ છે.

(વિ. પી. પીલુદરીયા)
એપેલેટ ઓફિસર અને ગ્રંથપાલ
ક.ન.મ.પુસ્તકાલય
સુરત મહાનગરપાલિકા

નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/જા./૧/૧
તા.૧૬/૦૭/૨૦૧૬

પ્રતિશ્રી,
(૧) ન. ર. : શ્રી વિનોદભાઈ આર. પટેલ પ્રતિ, જાણ સારૂ.....
(૨) ન. ર. : જાહેર માહિતી અધિકારી અને સીની.કલાર્કશ્રી એમ. બી. પટેલ, પ્રતિ, જાણ સારૂ.....
(૩) ન.સ.ર. : જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક (મધ્યસ્થ કચેરી) પ્રતિ,
આપના તા.૧૪/૦૬/૨૦૧૬ના પત્ર નં.સી./એફ.એ.પી./૪૪ અન્વયે જાણ સારૂ......

સુરત મહાનગરપાલિકા
કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય
અઠવાલાઈન્સ, સુરત.
ફોન નં. (૦૨૬૧) ૨૬૬૫૮૭૩, ફેકસ નં. (૦૨૬૧) ૨૬૬૮૪૨૬
URL:www.suratmunicipal.gov.in, e-mail: nclsmc@gmail.com

---

| | |
|---|---|
| એપેલેટ ઓફિસર અને ગ્રંથપાલ, | પ્રથમ અપીલ અરજી |
| કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય, | નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/૦૧ |
| અઠવાલાઈન્સ, સુરત. | તા.૨૪/૦૫/૨૦૧૭ |

અરજદાર : શ્રી સાગર સી. રાબડીયા

સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને સીની.કલાર્ક શ્રી બી. એમ. ગજ્જર, ક.ન.મ.પુસ્તકાલય, સુ.મ.પા.

## ફરીયાદની હકીકત :

વિષય : રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ, ૨૦૦૫ હેઠળની અરજદાર શ્રી સાગર સી. રાબડીયા, સુરતની તા.૦૩/૦૩/૨૦૧૭ ની અરજી આઈ.ડી.નં.૨૬૩૨ થી અ.નં.(૧) અને (૫) અંગેની વિગતવાર માહિતી મેળવવા બાબત.

સંદર્ભ : અરજદારની પ્રથમ અપીલ અરજી નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/૦૧, તા.૦૪/૦૫/૨૦૧૭.

ઉપરોકત વિષયે આર.ટી.આઈ. એકટ હેઠળ અરજી કરનાર અરજદારશ્રી શ્રી સાગર સી. રાબડીયાના એ રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ, ૨૦૦૫ હેઠળની તા.૦૩/૦૩/૨૦૧૭ ની અરજી **આઈ.ડી.નં.૨૬૩૨** થી વિગતવાર માહિતી મેળવવા જાહેર માહિતી અધિકારી અને સીની.કલાર્કશ્રી બી. એમ. ગજ્જર, ક.ન.મ.પુસ્તકાલય, સુરતની કચેરીમાં કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને સીની.કલાર્કશ્રી બી. એમ. ગજ્જર, ક.ન.મ.પુસ્તકાલય તરફથી અરજદારને આપવા જોગ મુદ્દા નં..૧ અન્વયે જાહેર વાંચનાલયોની સંચાલન અંગેના નિયમો વિગતવાર માહિતી સુ.મ.પા.ની વેબસાઈટ ઉપરથી મેળવી લેવા જણાવવામાં આવેલ તેમજ મુદ્દા નં. ૪ અન્વયે વાર્ષિક ટેન્ડરોની ફાળવણી અંગેના નિયમો તથા ટેન્ડર ફાળવણી કઈ રીતે થઈ તે અંગેની વિસ્તૃત માહિતી અંગે સને.૨૦૧૫ ના ટેન્ડરની ઝેરોક્ષ આપવામાં આવેલ છે. તેઓને પત્ર ક્રમાક નં.ન.મ.પુ./આર.ટી.આઈ./જા./૦૯, તા.૦૬/૦૪/૨૦૧૭ થી જવાબી પત્ર પાઠવવામાં આવેલ.

જે સંદર્ભે નિર્દિષ્ટ સમયમાં મળેલ પ્રતિભાવમાં જવાબથી અસંતોષ હોવાનું જણાવી **પ્રથમ અપીલ અરજી** કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલયમાં આપેલ. જે અરજી ઈનવર્ડ નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/ ૦૧, તા.૦૪/૦૫/૨૦૧૭ થી અત્રે નોંધાયેલ હતી.

અરજદારની ઉકત પ્રથમ અપીલ બાબતે અરજદાર શ્રી સાગર સી. રાબડીયા તથા જાહેર માહિતી અધિકારી અને સીની.કલાર્કશ્રી બી. એમ. ગજ્જરને એપેલેટ ઓફિસર અને ગ્રંથપાલ, ક.ન.મ.પુસ્તકાલય, સુરતની કચેરીમાં તા.૨૪/૦૫/૨૦૧૭નાં રોજ બપોરે ૧૨.૩૦ કલાકે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અત્રેનાં પત્ર નં.ન.મ.પુ./આર.ટી.આઈ./ અપીલ /જા./૦૧, તા.૧૮/૦૫/૨૦૧૭ થી જણાવવામાં આવેલ. જેનાં અનુસંધાને ઉકત તારીખે અને સમયે પ્રથમ અપીલ અંગેની રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રી સાગર સી. રાબડીયા હાજર રહેલ.અને જાહેર માહિતી અધિકારી અને સીની.કલાર્કશ્રી બી. એમ. ગજ્જર, ક.ન.મ.પુસ્તકાલય, સુરત ખાતે હાજર રહેલ છે.

ઉકત સુનાવણી દરમ્યાન શ્રી બી. એમ. ગજ્જર, સીની.કલાર્ક અને જાહેર માહિતી અધિકારી ધ્વારા તા.૦૬/૦૪/૨૦૧૭ ના પત્ર નં.ન.મ.પુ./આર.ટી.આઈ./જા./૦૯ થી અ.નં.૧,૪,૫ મુજબ જાહેર વાંચનાલયોની સંચાલન અંગેના નિયમો વિગતવાર માહિતી સુ.મ.પા.ની વેબસાઈટ ઉપરથી મેળવી લેવા જણાવવામાં આવેલ તેમજ વાર્ષિક ટેન્ડરોની ફાળવણી અંગેના નિયમો તથા ટેન્ડર ફાળવણી કઈ રીતે થઈ અંગેની વિસ્તૃત માહિતી આપવામાં આવેલ છે.

આમ, અરજદારશ્રીની પ્રથમ અપીલ અંગેની રજુઆત બાબતે શ્રી બી. એમ. ગજ્જર,સીની.કલાર્ક અને જાહેર માહિતી અધિકારી તરફથી મોકલેલ પ્રત્યુત્તર સહ તેઓનો પક્ષ રજુ કરવામાં આવેલ. જયારે અરજદાર પ્રથમ અપીલ અરજીની સુનાવણીમાં હાજર રહયા હતા. અને અરજદારશ્રી ધ્વારા સને. ૨૦૧૫ની ટેન્ડર કોપીમાં દર્શાવેલ પરિશિષ્ટ –૧,૨ અને ૩ અંગેની મૌખિક જાણકારી માંગેલ જેની માહીતી જાહેર માહિતી અધિકારી અને સીની.કલાર્ક શ્રી બી. એમ. ગજ્જર ધ્વારા આપવામાં આવેલ હતી અને અરજદારશ્રી આ માહીતીથી સંતુષ્ટ જણાયા હતા. અને અરજીના મુદ્દા.નં. ૨ માં જાહેર વાંચનાલયમાં ઈજારદાર ધ્વારા રોકવામાં આવતા તમામ કર્મચારીઓના પગાર અંગેની એકત્રીત માહિતી ઈજારદાર ધ્વારા આપવામાં આવે છે તથા અરજીના મુદ્દા નં.૩ માં તમામ કર્મચારીઓના પી.એફ અંગેની એકત્રીત માહીતી ઈજારદાર ધ્વારા આપવામાં આવે છે. તે અંગેની અરજદારશ્રી ને મૌખિક જાણ કરેલ છે. તથા અરજીના મુદ્દા નં..–૪ અન્વયે વખતોવખતના વાર્ષિક ટેન્ડરોની ફાળવણી અંગેના નિયમો અંગે સ.ને.૨૦૦૫ થી બહાર પાડેલ ટેન્ડરના નિયમના પાનાં નં.૧ થી ૫ તથા સ.ને.૨૦૧૦ થી બહાર પાડેલ ટેન્ડરોના નિયમોના પાના નં.૫ થી ૧૩ એમ કુલ ૧૪ નંગ પાનાની ઝેરોક્ષ કોપી આપેલ છે.

## હુકમ

અરજદારની મૂળ અરજી, પ્રથમ અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં, પ્રથમ અપીલ અરજી નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/૦૧, તા.૦૪/૦૫/૨૦૧૭ બાબતે નીચે મુજબનો હુકમ કરી, પ્રથમ અપીલનો નિકાલ કરવામાં આવે છે.

'અરજદારશ્રી સાગર સી. રાબડીયા ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતીઓ પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારશ્રીને જવાબી પત્ર પાઠવવામાં આવેલ હોય, તેમજ પ્રથમ અપીલની સુનાવણી દરમ્યાન પુરક માહીતી પુરી પાડવામાં આવેલ હોય, જે ધ્યાને લેતા પ્રથમ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે તેવો હુકમ કરવામાં આવે છે.'

પ્રથમ અપીલનાં હુકમ કે તેની અમલવારી બાબતે આપ નારાજ કે અસંતુષ્ટ હોય તો આર. ટી. આઈ. એકટનાં કાયદાની કલમ ૧૯ (૩) હેઠળ ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન", બ્લોક નં. ૧, બીજોમાળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦–એ, ગાંધીનગરને પ્રથમ અપીલનાં હુકમથી દિન –૯૦ માં નામદાર આયોગશ્રીને બીજી અપીલ કરવા અંગેની જોગવાઈ છે.

(વિ. પી. પીલુદરીયા)
એપેલેટ ઓફિસર અને ગ્રંથપાલ
ક.ન.મ.પુસ્તકાલય
સુરત મહાનગરપાલિકા

નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/જા./૧
તા. /૦૫/૨૦૧૭

પ્રતિશ્રી,
(૧) ન. ર. : શ્રી સાગર સી. રાબડીયા પ્રતિ, જાણ સારૂ.....

(૨) ન. ર. : જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્કશ્રી બી. એમ. ગજ્જર, પ્રતિ, જાણ સારૂ.....

**સુરત મહાનગરપાલિકા**
# કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય
અઠવાલાઈન્સ, સુરત.
ફોન નં. (૦૨૬૧) ૨૬૬૫૮૭૩, ફેકસ નં. (૦૨૬૧) ૨૬૬૮૪૨૬
URL:www.suratmunicipal.gov.in, e-mail: nclsmc@gmail.com

---

એપેલેટ ઓફિસર અને ગ્રંથપાલ,
કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય,
અઠવાલાઈન્સ, સુરત.

પ્રથમ અપીલ અરજી
નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/૦૨
તા.૨૯/૦૮/૨૦૧૭

અરજદાર : શ્રી સાગર સી. રાબડીયા

સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને સીની.કલાર્ક શ્રી બી. એમ. ગજજર, ક.ન.મ.પુસ્તકાલય, સુ.મ.પા.

**ફરીયાદની હકીકત :**

વિષય : રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ, ૨૦૦૫ હેઠળની અરજદાર શ્રી સાગર સી. રાબડીયા, સુરતની તા.૧૨/૦૫/૨૦૧૭ ની અરજી આઈ.ડી.નં.૪ થી અ.નં.(૧) અને (૨૭) અંગેની માહિતી મેળવવા બાબત.

સંદર્ભ : અરજદારની પ્રથમ અપીલ અરજી નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/૦૨, તા.૧૦/૦૮/૨૦૧૭.

ઉપરોકત વિષયે આર.ટી.આઈ. એકટ હેઠળ અરજી કરનાર અરજદારશ્રી સાગર સી. રાબડીયાના એ રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ, ૨૦૦૫ હેઠળની તા.૧૨/૦૫/૨૦૧૭ ની અરજી આઈ.ડી.નં.૪ થી વિગતવાર માહિતી મેળવવા જાહેર માહિતી અધિકારી અને સીની.કલાર્કશ્રી બી. એમ. ગજજર, ક.ન.મ.પુસ્તકાલય, સુરતની કચેરીમાં કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને સીની.કલાર્કશ્રી બી. એમ. ગજજર, ક.ન.મ.પુસ્તકાલય તરફથી અરજદારને આપવા જોગ માહિતી તા.૧૩/૦૭/૨૦૧૭ના પત્ર નં.ન.મ.પુ./આર.ટી.આઈ./જા./૦૪/૧ થી જવાબી પત્ર પાઠવવામાં આવેલ.

જે સંદર્ભે નિર્દિષ્ટ સમયમાં મળેલ પ્રતિભાવમાં જવાબથી અસંતોષ હોવાનું જણાવી પ્રથમ અપીલ અરજી કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલયમાં આપેલ. જે અરજી ઈનવર્ડ નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/૦૨, તા.૧૦/૦૮/૨૦૧૭ થી અત્રે નોંધાયેલ હતી.

અરજદારની ઉકત પ્રથમ અપીલ બાબતે અરજદાર શ્રી સાગર સી. રાબડીયા તથા જાહેર માહિતી અધિકારી અને સીની.કલાર્કશ્રી બી. એમ. ગજજરને એપેલેટ ઓફિસર અને ગ્રંથપાલ, ક.ન.મ.પુસ્તકાલય, સુરતની કચેરીમાં તા.૨૯/૦૮/૨૦૧૭નાં રોજ બપોરે ૧૨.૦૦ કલાકે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અત્રેનાં પત્ર નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/જા./૦૨, તા.૨૨/૦૮/૨૦૧૭ થી જણાવવામાં આવેલ. જેનાં અનુસંધાને ઉકત તારીખે અને સમયે પ્રથમ અપીલ અંગેની રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રી સાગર સી. રાબડીયા હાજર રહેલ અને જાહેર માહિતી અધિકારી અને સીની.કલાર્કશ્રી બી.એમ.ગજજર, ક.ન.મ.પુસ્તકાલય, સુરત ખાતે હાજર રહેલ છે

ઉકત સુનાવણી દરમ્યાન અરજદારશ્રી ધ્વારા અરજીના કુલ–૨૭ મુદ્દામાંથી મુદ્દા નં.(૯), (૧૬), (૨૩) થી (૨૭) ની માહિતીથી અસંતોષ હોવાનું જણાવેલ અને જે બાબતે શ્રી બી. એમ. ગજજર, સીની.કલાર્ક અને જાહેર માહિતી અધિકારી ધ્વારા સદર મુદ્દાની પૂર્તતા કરવામાં આવેલ છે.

આમ, અરજદારશ્રીની પ્રથમ અપીલ અંગેની રજુઆત બાબતે શ્રી બી. એમ. ગજજર, સીની.કલાર્ક અને જાહેર માહિતી અધિકારી તરફથી મોકલેલ પ્રત્યુત્તર સહ તેઓનો પક્ષ રજુ કરવામાં આવેલ. જયારે અરજદાર પ્રથમ અપીલ અરજીની સુનાવણીમાં હાજર રહયા હતા અને અરજદારશ્રી ધ્વારા અરજીના કુલ–૨૭ મુદ્દામાંથી મુદ્દા નં.(૯), (૧૬), (૨૩) થી (૨૭) ની માહિતીથી અસંતોષ હોવાનું જણાવેલ હોય અને જે બાબતે જાહેર માહિતી અધિકારી અને સીની.કલાર્ક શ્રી બી. એમ. ગજજર ધ્વારા મૌખિક પૂર્તતા કરવામાં આવેલ હતી અને કુલ ૪૧ નંગ પાનાની નકલ આપવાનું જણાવેલ જેથી અરજદારશ્રી આ માહિતીથી સંતુષ્ટ જણાયા હતા. ઉકત પાના–૪૧ જાહેર માહિતી અધિકારીશ્રીએ રજુ કરેલ હોય, આ સાથે સામેલ છે.

## <u>હુકમ</u>

અરજદારની મૂળ અરજી, પ્રથમ અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં, પ્રથમ અપીલ અરજી નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/૦૨, તા.૧૦/૦૮/૨૦૧૭ બાબતે નીચે મુજબનો હુકમ કરી, પ્રથમ અપીલનો નિકાલ કરવામાં આવે છે.

'અરજદારશ્રી સાગર સી. રાબડીયાની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતીઓ પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારશ્રીને જવાબી પત્ર પાઠવવામાં આવેલ હોય, તેમજ પ્રથમ અપીલની સુનાવણી દરમ્યાન પુરક માહીતી પુરી પાડવામાં આવેલ હોય, જે ધ્યાને લેતા પ્રથમ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે તેવો હુકમ કરવામાં આવે છે.'

પ્રથમ અપીલનાં હુકમ કે તેની અમલવારી બાબતે આપ નારાજ કે અસંતુષ્ટ હોય તો આર. ટી. આઈ. એકટનાં કાયદાની કલમ ૧૯ (૩) હેઠળ ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન", બ્લોક નં. ૧, બીજોમાળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦–એ, ગાંધીનગરને પ્રથમ અપીલનાં હુકમથી દિન –૯૦ માં નામદાર આયોગશ્રીને બીજી અપીલ કરવા અંગેની જોગવાઈ છે.

(વિ. પી. પીલુદરીયા)
એપેલેટ ઓફિસર અને ગ્રંથપાલ
ક.ન.મ.પુસ્તકાલય
સુરત મહાનગરપાલિકા

નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/જા./૨
તા.૨૯/૦૮/૨૦૧૭

પ્રતિશ્રી,

(૧) ન. ર. : શ્રી સાગર સી. રાબડીયા પ્રતિ, જાણ સારૂ.....

(૨) ન. ર. : જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્કશ્રી બી. એમ. ગજ્જર, પ્રતિ, જાણ સારૂ.....